# અવસ્તાના

# ઓહેરૂ



# અવસ્તાના ગોહરો



[ ચેરાગ ચોપાન્યાંમાંથી ફરીથી
છપાવ્યાં છે ]



પ્રસિદ્ધ કરીને ભેટ આપનાર
**એક જરથોશ્તી.**

મુંબઈ:
મિસ્ત્રી પ્રીન્ટીંગ વર્કસ કાલબાદેવી.
૧૯૦૦

# ખુલાસો

મારી મરનાર દીકરી જે પોતાની
...ાવીસ વરશની ભર જુવાનીમાં બેહેસ્ત-
...નશીન થઈ છે, તેનો વિચાર એવો હતો
કે, "જો દુનિયામાં મીનોઈ જ્ઞાન ફેલાય
તો કેવું સારૂં'" અને ખરેખરજ જો
દુનિયાંમાં મીનોઈ જ્ઞાન ફેલાય તો માણસ
જાત પરનું ઘણું દુઃખ ઓછુ થાય. પણ
આપણ કમીનામાં કાયનાત અને શક્તિ
શું? તે છતાં મારી વહાલી દીકરીની
મોરાદનો એક કતરો બી બર આવતો
હોય તો મારી અદના ગુંજાસ મુજબ
"**અવસ્તાના ગોહરો**" જે ચાલુ વર-
ગના **ચેરાગ**માં છપાઈ બાહાર પડયાં છે,

તે જીજ્ઞાસુઓના ઉપયોગ માટે છપાવી મારી મરહુમ દીકરીની નઈયતે ભેટ આપવાનું વાજબી વિચાર્યું છે, અને ઉમેદ છે કે દીનદાર જરથોશતીઓ એ "ગોહરો" ઉપર મનન કરી તેનો ફાયદો હાંસલ કરે, અને તે ફેલાવે.

તરજુમો બનતાં લગી એરવદ કા૦ એ૦ કાંગાના તરજુમા પરથી લીધો છે, કેટલેક ઠેકાણે ફેરફાર થયો છે, પણ ઘટે ત્યાં નોટ્સ આપવામાં આવી છે.

**એક જરથોશ્તી.**

માહ ૧૨ મો સ્પંદારમદ સને ૧૨૬૯ યઝદેજરદી શેહનશાહી.



# અવસ્તાના ગોહરો.

અહુરમઝ્દ સાથની એકતાઇ
યાને યોગ.

યે વાઓ મજ઼દા અહુરા પઇરે
જસાઇ વોહૂ મનંઘહા.

"ઓ અહુરમઝ્દ, ભલાં મનની મા-
રફતે હું તારી નજ઼દીક પોંહોંચું."

અહુનવદ ગાથા, હા ૨૮ (૨).

અતૢ અસિશતા યએોજન્તે આ-હુપિતોઇશ વંઘહેઉશ મનંઘહે। મ-જૢદાએ। અપખ્યાચા યોઇ જૢજેન્તી વંઘહાઉ સ્ત્રવહી.

"જેઓ બહમનના શુદ્ધ હોરામાં યોગ* મેલવે છે તેઓનો જન્મ † મજ઼્દના અમર સુખવાસી મુકામમાં [થાય] છે."

અહુનવદ્ ગાથા, હા ૩૦ (૧૦).

---

* એ૦ કાવસજી કાગા "સામેલ" થાયછે એવો અર્થ કરેછે.

† દ્ધીજ=બીજો જન્મ, બીનોઈ જન્મ, Second Birth.

**અષાત્ આ એરેજુશ પથો યએષૂ મજ્દાઓ અહુરો ષએતી.**

"અશોઈની મારફતે નીતિના માર્ગો જેમાં અહુરમજ્દ વસેછે, તે તરફ [અમોને] પોંહોચાડ."

અહુનવદ ગાથા, હા ૩૩ (૫).

**તા-તોઇ ઇજ્યા અહુરા મજ્દા દરશ્તોઈશિચા હેમ-પરશ્તોઇશ્ચા.**

"અય અહુરમજ્દ! તારાથી બે ચીજ હું માગું છું: તારાં **દર્શન**, [અને] તારી સાથે મલીને [દીન બાબે] વાતચીત [communion]"

અહુનવદ ગાથા, હા ૩૩ (૬).

**પઇરિ ગએથે ક્ષ્માવતો વહ્મે મજ્દા ગરોએબિશ સ્તૂતામ.**

"તારી સ્તુતી અને તારે લાયકની બંદગીની મારફતે, ઓ મજ્દ! હું તુને પોંહોચું."

અહુનવદ ગાથા, હા ૩૪ (૨).

**વોહુ થ્વા મનંઘહા વોહુ થ્વા અષા વંઘહોઈઆઓ થ્વા ચિશ્તો-ઇશ શ્યાથનાઇશ્ચા વચેબીશ્ચા પઇરે જસામઇદે.**

નેમઙ્યા મહીં ઇશુધામહી શ્વા મજ઼દા અહુરા, વીસ્પાઇશ શ્વા હુમતાઇશ વીસ્પાઇશ હુખતાઇશ વીસ્પાઇશ હવર્શતાઇશ પઇરેજસામઇદે.

"ભલાં મનથી, ભલી અશોઈથી, ભલાં ડહાપણથી, અને સગુનોથી — અમો તુને પોંહોચીએ.

"ઓ મજ઼્દ અહુર! અમો તુને નમીએ, અમો તુને આરાધીએ, તમામ ભલા વિચારો, તમામ ભલા સગુનો, તમામ ભલાં કાંમોથી અમો તુને પોંહોચીએ."

યજ઼શ્ને, હા ૩૬ (૪-૫).

આવે ગેઉશા હેમ્યન્તૂ યોઇ વે બ્યઐાથનાઇશ સારેન્તે અહુરો અષા હિજ્વા ઉખ્ધાઇશ વંધહેઉશ મનંધહો અઐપાંમ તૂ પોઉરૂયો મજ્દા ફ્રદક્ષતા અહી.

"જેઓ કામોથી, અશોઇથી, જબાંનથી, નેક મનશાનીની બંદગીથી, અય અહુરમજદ ! તુને સરદાર તરીકે ગણેછે, જેઓનો, ઓ અહુરમજદ ! સોથી પેહેલો રાહનુમા તું છે, તેઓ [ પોતાની] કીર્તિને લીધે, તારી સાથે મલી જશે."

વોહુક્ષથ્ર ગાથા, હા ૫૧ (૩).

**અષ વહેશ્ત અષ શ્રેશ્ત દરેસામ શ્વા પઇરે શ્વા જમ્યામ હમેમ શ્વા હુખ્મ.**

"સૌથી સરસ અશોઇએ કરી, સૌથી શ્રેષ્ટ અશોઇએ કરી, તુને અમો જોઇએ, તારામાં આમેજ થઇએ, હમેશગીમાં તારી સાથે એક થઈએ."

હોશબામ. યજશ્ને હા ૬૦ (૨૧).

**યઓઝદાઓ મશ્યાઇ અઇપી જાથેમ વહિશ્તા.**

"માણુસની જીંદગી માટે તેને યોગ* મેળવવો ઘણોજ શ્રેષ્ટ છે."

સ્પેન્તોમદ ગાથા, હા ૪૮ (૫).

* કેટલાકો પવિત્રાઇ અર્થ કરે છે.

## અ શો ઈ.

**અશેમ્ વોહુ વહિશ્તેમ્ અસ્તી**
**ઉશ્તા અસ્તી ઉશ્તા અહ્યાઇ હ્યત્**
**અપાઇ વહિશ્તાઇ અષેમ.**

"અશોઈ એ સૌથી શ્રેષ્ટ ભલું છે—સુખ* છે સુખ તેને કે જે સૌથી શ્રેષ્ટ અશોઇને ખાતર અશો છે."

યજશ્ને, હા ૨૦.

* અહીં જે સુખ જણાવ્યુ છે તે ઘડીમાં આવે ને ઘડીમાં જાય તે સુખ નહીં, પણ અમર સુખ સમજવું, જે અહુરમજ્દ સાથના યોગનું પરિણામ છે.

[અશોઇના ઘણા અર્થો કરવામાં આવ્યા છે: સચાઈ. પવિત્રાઇ, પહરેજગારી પ્રમાણીકપણું, ઈત્યાદી પણ થિયોસોફીકલ સોસાયટીના જરથોશ્તી મેમ્બરોના એક વર્ગમાં ત્રણ મહીના સુધી એ વિશે શોધખોળ ચલાવતાં માલમ પડયું છે કે અશોઈ શબ્દમાં અહુરમજદને પહોચવાના માર્ગના સઘળા કાનુનો સમાઈ જાય છે, એટલુંજ નહી, પણ અશોઈ એ જગતના કાયદોજ છે. એ અહુરમજદનો એક પ્રકાર પણ છે. વેદીક શબ્દો વૈરાગ અને સન્યાસ, જે યોગ માર્ગમાં માણસના મનની ચોક્કસ હાલત જણાવે છે, તે પણ અશોઇમાં આવી જાયછે.

## અશો માણસ.

**ફ્ષુમાઍા અસ્તી અપવા વૅરેથ્રજા-ઍા વહિશ્તા કેશુશે ચરે કેરે મહી**

**દાતા ગેઉશ્ચા અપંઘાડ્યા અપ-ઍાનસ્યા અપા વહ્યૅાંઍાસ્યા સંતા-દશ.**

અશો માનુસ આબાદી કરનાર, ફેતહમંદ, તથા નેકાત્મ છે. અમો પણ તેવી અશોઈ મેળવા હાજીદીન હીંએ.

'તે અશો માનુસ અશોઈની પુઠે ચાલ-વાથી દુનિયાંના તથા અશો [અહુરમજ્દ] ની અશોઈની મરજી પ્રમાણે ચાલનારી મેહાભેરાનો પીતા છે.'

ઉઇથ્યાઓ વંઘહુદાઓ યજમૈદે વે પસાનસ્ચા વંઘહાનસ્ચા સ્ત્રૈયન સ્ચા ચરેકેરેમહી.

ઇચ્યા ના કેપુમાઓ નિશંઘહર તુ ઇ ઐ વ્યાહિચતુ ઉહા અપાચ્યા. વાસ્ત્રા-ચ્યા ફ્રારાઇંતિચ્યા વીતિ-વ્યાચ્યા અઇ નિતિચ્યા આથ્રાચ્યા અહુરહે મઝ્દાઓ.

'અમો માણસ [illegible] આપ-ણોને કે જેની [illegible] પુણી, તથા શોભાને [illegible] અમો [illegible]

'અમો માણસ [illegible]થી, [illegible]થી, [illegible]થી, જ્ઞાનથી, [illegible] તથા અહુરમઝ્દના આતશથી અમોને [illegible] બચાવશે તથા સંભાળશે.'

[illegible]

**વોહૂ હવો ક્ષથ્રા અષેમ્ વચં-ઘ્‌હા ષ્યઓથનાચા હ્‌તિ; હવો તોઇ મજ઼્દા અહુરા વાજ઼િશતો અંઘ્‌હ-ઇતી અસ્તિશ.**

" તે [અશો] પોતાની શકિત, પોતાના શબ્દો, અને પોતાના કામોથી અશોઇની સાથે ચાલે છે. ઓ મજ્દા અહુરા ! તે તારે માટે ઘણોજ ઉપયોગી જીંદગીનો થાય. "

અહુનવદ ગાથા. હા ૩૧ (૨૨).

**અદા-જી અવા દ્રુજો અવો બવ-ઇતી સ્કેન્દો સ્પયથ્રહ્યા, અત્ અસિ-શ્તા યઓજન્તે આહુષિતોઇશ્ વંઘ્-હેઉશ મનંઘ્‌હો મજ઼્દાઓ અષખ્યા-ચા, યોઇ જ઼જે઼ન્તી વંઘ્‌હાઉ સ્રવહી.**

"જેઓ 'સવહી' [ ? મીનોઈ ]માં જન્મેલા છે* [ તેઓ ] જયારે વોહુમનો, મઝ્દ તથા અપના ભલાં મુકામમાં યોગ † મેળવે છે [ યઓજન્તે ] ત્યારે નાશ કરનાર દરૂજનો ટેકો ખચીત તુટેલો થાય છે."

અહુનવદ ગાથા, હા ૩૦ (૧૦).

* ખગ બ્રાહ્મણને દ્વીજ (એટલે બીજી-વાર જન્મેલો અથવા મીનોઇ દુનિયામાં જન્મેલો) કહેવામા આવેછે.

† યોગ શબ્દ કાંઇ માત્ર હિંદુ છે એમ સમજી જરથોશતીઓએ સુગાવાની કસી અગત નથી. ઉપલા અને બીજા અવસ્તાઓમાં યોજન્તે, યોજદાથરેગર, ઇત્યાદી શબ્દો વેદીક અર્થેજ વપડાયલા જણાય છે. યોગનો સંસ્કૃત ધાતુ युज એટલે સંયોગ થવો, મળી જવું, એક થઇ જવું, એમ થાય છે

ગુશ્તા યે મન્તા અષેમ્ અહૂમ-બિશ્ વિદ્વાઓ અહુરા એરેજુ-ખ્ધાઇ વચંઘ્હાંમ્ ક્ષયમ્નો હિજ્વો વસો: થ્વા આથ્રા સુખ્રા મજ્દા વઘ્હાઉ વીદાતા રાંન્યાઓ.

"ઓ અહુર' જે વિદ્વાન બેઉ દુનિયાને માટે અશોઈ [ની બાબતો] શાંભળે, વિ-ચાર કરે, સચાઈના સખુનો ઉપર અમલ કરે, જબાનને વસ કરે ! તે, ઓ મજદ ! તારા પ્રકાશીત આતશની મારફતે ભલાં મેદાનમાં રીદા થાય છે | વંઘહાઉ વીદાતા રાંન્યાઓ " |

અહુનવદ ગાથા, હા ૩૦ (૧૯).

**વસો ક્ષથ્રો ખ્યાત્ અપવ**

"અશો માણસ પોતાની મરજી મુજબ રાજ્ય કરે."

હોશબામ.

સલાહ સંપજ.

**નિપાયોશ મર્ષીમ ઉર્વથેમ યવએ-તાઇતે ..અઉર્વથાત પરો દુશ્મઇ-ન્યઓત.**

"સુલેહ-શાંતી ચાહનાર માણસને ખરાબ વિચારવાળા દુશ્મનથી હમેશાં બચાવવો જોઇએ."

અહુરમજ્દ યશ્ત.

## સર્વ મય ભાઇબંધી.

**ગવોઇ અદાઇશ તાઇશ બ્યોથના-ઇશ યાઇશ વહિશ્તાઇશ ફ્એષ્યા-મહી રમાચા વાસ્ત્રેમચા દજ્યાઈ સુરૂન્વતસ્ચા અસુરૂન્વતસ્ચા ક્ષ્યન્ત-સ્ચા અક્ષ્યન્તસ્ચા.**

"દીનનો ઈલમ શાંભલનારા, નહીં શાંભલનારા, શકિતવાળા, શકિતવગરના, તથા તમામ જીવોને સખાવત તથા ઉત્તમ કામોની મારફતે અમો સુખ અને પોષણ ઈચ્છીએ છીયે"

મોટી હફ્તન યશ્ત.

## ખરૂં સુખ—પરમાર્થ.

**ઉશ્તા અહ્માઇ અહ્માઇ ઉશ્તા કહ્માઇ ચીત.**

" સુખ તેને જેનાથી સુખ કોઇનેબી [ સર્વેને ]."

ઉશ્તવદ ગાથા.

## સંતોષ.

**દક્ષત ઉશ્યા તુશ્ના મૈંતીશ વહિશ્તા.**

" સંતોષી જીવ સર્વથી સંપૂર્ણ છે."

યજશ્ને, હા ૪૨ (૧૫).

## સખી—ઉદાર—હાતમ દીલગુરદો.

**અષહ્યા આઅત સઇરી અષહ્યા વેરેજેને કહ્યાયચીત હાતામ જીજિ-ષામ વહિશ્તામ આદા ઉષ્બોઇબ્યા અહુબ્યા.**

"અશોઇના માર્ગમાં અશોઇ પાલ-વામાં હૈયાતી ભોગવનારાંઓમાંનો જે શખસ બેઉ દુનિયામાં સૌથી ઉત્તમ જીંદગી ગુજારવા ચાહતો હોય તેણે 'આદા' [ઉદાર, સખી, મોટા દીલગુરદાનો, દરગુજર નજરે જોનાર] થવું."

મોઠી હપ્તન યશ્ત.

## ઉત્તમ કામ—દયા.

**અહુરહ્યા જી અત વે મજ઼દાઓ યસ્નેમ્ચા વહ્મેમ્ચા વહિશ્તેમ અમેહ્મઈદી ગેઉશ્ચા વાસ્ત્રેમ.**

"તમારે માટે અહુરમજ઼્દની યજશ્ને [self-sacrifice to Ahura-Mazda] તથા આરાધના, તથા જીવોનું પાલણ કરવું, સૌથી ઉત્તમ ગણીએ છીયે."

મોટી હપ્તન યશ્ત.

## બુરાઈ શામાં છે.

**યા રાઅંઘયેન સ્રવંઘહા વહિ-શતાત શ્યઓથનાત મરૈતાનો અએ-ઇબ્યો મઝ્દાઓ અકા મ્રઓત યાઇ ગેઉશ મોરૈન્દેન ઉર્વાક્ષ ઉખ્તી જ્યો તૂમ યાઇશ ગેરેહ્મા અપાત વરતા કરપા ક્ષથ્રેમ્ચા ઇપનામ દ્રુજેમ.**

"મઝ્દ તેઓને બુરા ગણે છે જેઓ ફરેબથી માણસોને સૌથી ઉત્તમ કામથી અટકાવે છે: જેઓ પોતાના સખુનથી જીવોની જીંદગીનો નાશ કરેછે [યા જીવોને મારવાની ભલામણ કરે છે]; સચાઈના રસ્તાથી દુર જઈ કરપન માફક વરતે છે અને દરૂજની સત્તાને ચાહેછે."

અહુનવદ ગાથા, હા ૩૨ (૧૨).

જાનવરોને જીવવાનો એક સરખો હક.

**ઇથા આત યજમઇદે ગેઉશ ઉર્વા-નેમ્ચા તશાનેમ્ચા અહ્યાકેંગ આ-અત ઉરૂનો પસુકનામચા યોઈ નાઓ જીજિષેન્તી યએઇવ્યસ્ચા તોઈ આ યએચા અએઇવ્યો આ અંધ્રહેન.**

"એ પ્રમાણે આએ જગોએ દુનિયાનાં જોહરને અને બનાવનારને હમારાં તેમજ પસુઓનાં રવાનોને હમો યાદ કરીયે છીયે, જે આપણને માટે **જીવવા ઇચ્છે છે**; જેઓને માટે તેઓ તથા તેઓને માટે જેઓ છે."

મોટી હપ્તન યશ્ત, કરદો પ.

# વિવેક.

હદા વેસ્તા વહમેંગ સેરઓષા રાદંઘહો યે વીચિન્યોત દાથેમ્યા અદાથેમ્યા દંગ્રા મન્તુ અષા મજ્દાઓ અહુરો.

"જે કોઈ ઠરાવ્યા મુજબની તાબેદારીથી કરેલી બંદગીઓને પીછાને છે; ખરૂં શું અને ખોટું શું તે જે કોઇ પીછાનેછે, તે દરેકને અહુરમજ્દ પોતાની સર્વજ્ઞાની પવિત્રાઈથી રસ્તો બતાવે."

ઉશતવદ ગાથા, હા ૪૬ (૧૭).

## જાન ફેશાની.

**વીસ્પાઓ ગએથાઓસ્ચ તન્વ-સ્ચ અજ્દેબીશ્ચ ઉશ્તાનાસ્ચ કેહ-ર્પસ્ચ તેવીષીશ્ચ બઓધસ્ચ ઉર્વા-નેમ્ચ ફ્રવષીમ્ચ, પઈરીચ દદેમહી આચ વએદયમહી આઅત દીશ અવએદયમહી ગાથાબ્યો સ્પેન્તા-બ્યો રતુક્ષથાબ્યો અષઓનીબ્યો.**

"આ ખાકી દુન્યાને લગતું સર્વસ્થ—તન, હાડપીંજર, જીવ, કાલબુત, જોર (કામ), બુદ્ધિ, રવાન, ફ્રવષી—એ સઘલું વૃદ્ધિ કરનાર ગાથા, અશોઈના સરદારને અમો અર્પણ કરીએ છીએ—આપી દઇએ છીએ."

યજશ્ને, હા ૫૫ (૧).

[પાંચ ગાથાઓ હોરમજ્દની પાંચ ખાસીયતો દરશાવે છે:—

**અહુનવદ**=(વંઘહેઉશ પ્રતુમ મનંઘહો)=ભલાંમનની અક્કલ—Wisdom.

**ઉસ્તવદ**=ઉત્તમ સુખ, અમર ખુશાલી —Bliss.

**સ્પેન્તામૈન્યુ**=ભલી મીનોઈ–Spirit,

**વોહુક્ષથ્ર**=ભલી પાદશાહી. સત્તા—Power.

**વહિશ્તા ઈશ્તીશ**=સર્વોતમ મોરાદ—Divine Will.]

ઉપલી ખાસીયતો સંપાદન કરવા જીંદગી ફીદા કરવી જોઈએ.

અહ્યા હવો ને દાઇદી અહ્યાઇચા અહુએ મનખ્યાઇચા.

"તુને અમો અમોને આપી દઇએ છીએ."

યજશ્ને, હા ૪૦ (૨).

ફેરા વેરાહી.. ફેરા મનંઘ્નહા, ફેરા વચંઘ્નહા, ફેરા શ્યોથના ફેરા અંઘ્નહુયા, ફેરા તન્વસ્ચીદ ખ્નખ્યાયો ઉશ્તનેમ

"[મારા] તનના જાનને, ભલા વિચાર, ભલી વાણી, ભલાં કામોથી તથા અંતઃકરણથી અર્પણ કરૂં છું."

ખોરશેદ નીઆએશ.

## અમર ખુશાલી.

[જરથુસ્ત્ર કહે છે] **મહી મનોઈ અહુ-રહ્યા ઉર્વાજેમા મજદાઓ.**

"મારા મનમાં અહુરમજદની ખુશાલી છે."

અહુનવદ ગાથા, હા ૩૨ (૧).

**યજેમ્નાઓંઘહો નેમંઘહા મજ-દાઓ રફેધ્રેમ ચગેદો.**

"હોરમજદની ખુશાલીને આતુર-તાથી શોધનારા, નમ્રતાથી યાદ કરનારા" [અમો થઇએ]."

વોહુક્ષથ્ર ગાથા, હા ૫૧ (૨૦).

## ડહાપણ—દાનાઇ.

**હથા મનાઓ બવત યથા ચિ-
સ્તિશ અંગહત મએથા.**

"ડહાપણ જ્યાં વસેછે ત્યાં અમારૂં મન થાય."

અહુનવદ ગાથા, હા ૩૦ (૯).

## બુરો બુરાને ભલો.

**હવો જી દ્રેગવાઓ યએ દ્રેગવાઇતે વહિશ્તો હવો અષવા યહ્માઇ અષવા ફ્યો.**

"બુરો તે છે કે જે બુરાને ઉત્તમ દીસે છે. ભલો તે છે કે જેને ભલો વહાલો છે."

મોટી પેરશદ, યજશ્ને હા ૭૧ (૧૩).

**નોઇત ના પઐરૂષ દ્રેગવતો ખ્યાત ચિક્ષનુષો યત્ તોઇ વીસ્પેંગ અંગ્રેઅંગ આષાઉનો આદરે.**

"સંપૂર્ણ [ ડાહ્યો ] માણુસ બુરાઓને રાજી કરી શકે નહીં, કારણકે તેઓ સઘળા અશો માણસોને દુઃખ દેનારા છે."

યજશ્ને, હા ૪૩ (૧૫).

પાંચ સદગુણો—પાંચ દુર્ગુણો.

**પંચનામ અહિ—પંચનામ નોઇત અહિ.**

"હું પાંચનો છું—હું પાંચનો નથી."

યજશ્ને. હા ૧૦ (૧૬).

વઇનીત્ અહિ ન્માને સ્ત્ર્ઓપો અસુશ્તીમ આક્તિશ્ અનાક્તીમ્ રાઇતીશ્ અરાઇતીમ આર્મઇતિશ તરોમઇતિમ્ અરપુખધાવાક્ષ મિથ-ઓખ્તેમ્ વાચિમ્ અપઙુઙેમ્.

" આ ઘરમાં [ શરીરમાં!] (૧) તાબે-દારી હઠીલાઈ ઉપર. (૨) સુલેહ તોફાન ઉપર, ( ૩ ) ઉદારતા કંજુસાઇ ઉપર, ( ૪ )હલકાપણુ અભીમાન ઉપર. ( ૫ ) સચ્ચાઇ જુઠાઇ ઉપર ફતેહ મેળવે. "

આફ્રીંગાંને દહમાન, યજશ્ને હા ૬૦ (૫).

## અશો અને પાપી.

**અહ્માત મન્યેઉશ રારેષ્યેઈન્તી દ્રેગવન્તો મજ઼્દા સ્પેન્તાત નોઇત્ ઇથા અષાઉનો. કસેઉશ્ચીત ના અષાઉને કાથે અંઘહત્ ઇસ્વાચીત્ હાંસ્ પરઓશ અકો દ્રેગવાઇતે.**

"ઓ મજ઼્દ! સ્પેનામીનોને લીધે પાપી માણસો દુઃખ ભોગવેછે. અશો માણસને તેમ નહીં. અશો માણસ સારૂં કોઈનેબી થોડી ચીજની હાજત હોયછે; દુષ્ટ માણસ દુષ્ટને રાજી રાખવા પુષ્કળપણાંનો મોહોતાજમંદ હોયછે."

સ્પેન્તોમદ ગાથા, હા ૪૭ (૪).

## કર્મ.

**હ્યત તા ઉર્વાતા સષથા યા મજ઼્દાઓ દદાત મષ્યાઓંઘહો, ખીતિચા એનેઈતી હ્યત્ચા દરેગેમ દ્રેગ્વોદ્બ્યો રષો સ્વચા અષવબ્યો અત અઈપી તાઈશ અંઘહ્ઈતી ઉશ્તા.**

અય માણસો! સુખ અને દુઃખ નો આ નિયમ જે અહુરમઝ્દે મુકરર કીધો છે—કે પાપી માણસોને માટે લાંબા વખત સુધી દુઃખ ખમવું, અને અશો માણસોને માટે ફાયદા જેને લીધે સુખ હોયછે—તે તમો જાણો!

ગાથા અહુનવઈતી, હા ૩૦ (૧૧).

## વિચાર—વાચા—કર્મ.

**વીસ્પ હુમત વીસ્પ હુખ્ત વીસ્પ હ્વરશ્ત બઓધો-વરશ્ત.**

' સર્વે ભલા વિચારો, સર્વે ભલા સખુનો, સર્વ ભલાં કામો બુદ્ધિથી થાયછે."

**વીસ્પ દુશમત વીસ્પ દુઝુખ્ત વીસ્પ દુઝવરશાત નોઇત બઓધો-વરશ્ત.**

" સર્વે ભુડા વિચારો, સર્વે ભુડા શબ્દો, સર્વ ભુડાં કામો બુદ્ધિથી થતાં નથી."

**વીસ્પ હુમત વીસ્પ હૂખ્ત વીસ્પ હ્વરશ્ત વહેશ્તેમ અંઘહુઇમ અશાએત.**

"સર્વ ભલા વિચારો, સર્વ ભલા શબ્દો, સર્વ ભલાં કામો, બેહેશ્ત તરફ લઈ જાયછે."

**વીસ્પ દુશમત વીસ્પ દુઝુખ્ત વીસ્પ દુઝવરશ્ત અચીશ્તેમ અંઘહુઇમ અશાએત.**

"સર્વ ભુડા વિચારો, સર્વ ભુડા શબ્દો, સર્વ ભુડા કામો અચીશ્તેમ [કાંમલોક] તરફ લઈ જાય છે."

**વીસ્પ નામ્ચ હુમતનામ હુખ્ત-નામ હ્વરશ્તનામ વહેશ્ત અંઘહુઇ આઅત હચ ચિથ્રેમ અષઓને.**

"સર્વ ભલા વિચારો, ભલા સખુનો, ભલાં કામોનું [પરિણામ] બેહેશ્ત છે [એવું] અશો લોકોને સ્પષ્ટ રોશન છે."

દુવા વીસ્પ હુમત.

**હઇથ્યા વરેસ્તામ હ્યત વસ્નાં ફ્ષોતેમેમ.**

"રાસ્ત કામ કરનારાઓની ખાહેશ ઘણીજ ચઢતી છે."

નીરંગ કુશ્તી.

**તત અત વઇરીમઇદી. . .હ્યત ઇ મઇનિમદિચા વઓચોઇમાચા વેરેજિમાચા યા હાતામ ષ્યોથનનમ્ વહિશ્તા ખ્યાત ઉબોઇબ્યા અહુબ્યા.**

"બેઉ દુનિયાંને માટે હયાતના કામો-માંના જે [કામો] સૌથી સરસ હોય તેઓને અમો પસંદ કરીએ છીયે; [તેઓ ઉપર] અમારૂં મન લગાડીએ છીયે; [તેઓ વિષે] અમો બોલીયે છીયે; [તેવાં] અમો કામો કરીયે છીયે."

મોટી હપ્તન યશ્ત, ૧ (૩).

**વંઘાઉહીશ્ચ અયાએ વંઘઉહીશ્ચ અષઓ હુ પૌર્વાઓ વહેહીશ, અપરાઓ રાસેન્તીશ દરેઘે-વરેથ્મનો.**

"સારાં ખેરાતનાં કામો, સારાં અશોઈનાં કામો, ઘણુંજ ચઢતે દરજ્જેનાં, વધારે ભલાં છે."

**યથ નો મજ્દિ‌શ્તાઓશ્ચ વહિશ્તાઓશ્ચ સ્રએશ્તાઓશ્ચ અષઓ એરેન્વન્તે.**

"પાછલથી પોંહોચનારા લાંબો વખત સુધી બચાવ કરનારા છે, જેથી સૌથી મોટી, સૌથી સરસ તથા સૌથી શ્રેષ્ટ અશોઇ હમુંને મળે."

હોશબામ.

ખોદાશનાસીનો નાશ કોણ કરે.

**તએ ચીત મા મોરેન્દેન જ્યાતૂમ યોઇ દ્રેગ્વતો મજિ્બીશ ચિકોઇતે-રેશ : અંઘ્ઉહીશ્ચા અંઘ્ઉવસ્ચા અપયંઇતી રઍખન ઘ્રહ્રો વઍદેમ્ યોઇ વહિશ્તાત્ અષાઉનો મજ્દા રારેષ્યાંન્ મનંઘ્રહ્રો.**

"મારે લગતી [ ખોદાઇ ] જીંદગી ગુજારવાની રીતનો નાશ તે શખ્સો કરેછે, જેઓ બુરાઓને મોટા ગણે છે, અશો માણસોને [તેઓના] ઉત્તમ વિચારથી પાછા હઠાવેછે, નેક ઓરતો અને નેક મરદોના સુખ ઉપર કાબુ મેળવેછે."

અહુનવદ ગાથા, હા ૩૨ (૧૧.)

માણસે કોણના જેવાં થવું.

**યાવરનાઓ આપો, યાવરનાઓ ઉર્વરાઓ, યાવરના ગાઉશ્ હુદાઓ, યાવરેના અહુરો મજદાઓ, યગામ્ દદા, ય નરેમ અપવનેમ્, યાવરેનો અશ જરથુસ્ત્રો, યાવરેના કવા વીશતાસ્પો, યાવરેના ફ્રષઓસ્ત્રા, જામાસ્પા, યાવરેના કસચીદ્ સઓષ્યન્તામ્. હુશ્યા વરેજાંમ્ અષાઉનામ્, તા વરેનાચા તકએષાચા.**

જેવી રીતના પાણી જેવી રીતના ઝાડપાન, જેવી રીતનાં ભલાં ગોશપંદો, જેવી રીત ધરાવતો અહુરમજદ—જેણે

દુનિયા પેદા કીધી, જેણે અશો માણુસને પેદા કીધો,—જેવી રીત ધરાવતો અશો જરથોસ્ત્ર, જેવી રીત ધરાવતા કયે ગુશતાસ્પ, જેવી રીત ધરાવતા ફરશોસ્ત્ર અને જામાસ્પ જેવી રીત ધરાવતા કોઈ પણ સોશ્યંતો [દુનિયાને જ્ઞાન આપનારા], અશો રાસ્ત કામ કરનારા, દુનિયાને ફાયદો આપનારા, તેવીજ રીતના તથા મજહબનો [હું થાઉ]"

યજશ્ને. હા ૧૨ મો.

[મતલબ કે ઉપલાં સઉ પોતપોતાનુ નેમેલુ કામ બજાવ્યાં જાય છે, તે છતાં તેઓ પોતે એમ જાણુતાં નથી કે તે કામ "હું કરૂં છું," યા "અમો કરીએ છીએ."]

## ખોરેહની જાળવણી.

ઈથા-ઈ હુઈય્યા નરૈ અથા જેન-યો, ફુજો હુચા રાથેમો યંમે સ્પષુથા ફ્રાઈદીમ્ ફુજો આયેસે હોઇથા તન્વો પરા, વયૂબેરૈદુબ્યો દુશ્-ખરૈથેમ્ નાંસત ખાથ્રેમ્ દ્રેગ્વોદિબ્યો દજીત્-અરૈતએઇબ્યો અનાઇશ્ આ મન-હીમ અહૂમ મેરૈનગેદુયે.

"અએ નરો તથા નારીઓ ! દરૂજના માર્ગને (તથા તેના) વધારાને ખુલ્લી રીતે તમો બંધ કરજો. દરૂજની આરાધનાથી તમારાં તનનો સંબંધ છોડવજો. ખરાબ ઓરેહવાલું સુખ માણસોને માટે નાશ-કારક (છે) રાસ્તીની હાની કરનારા બુરા માણસોથી (તમો) (તમારી) મીનોઈ જીંદગીને [યાને આવતા ભવની હયા-તીને] ખરાબ કરોછો."

વહીસ્તોયસ્ત ગાથા, હા ૫૩ (૬).

અહ્માઇ રએશ્ચ ખરેનસ્ચ, અ-
હ્માઈ તનવો દ્રવતાતેમ, અહ્માઇ
તન્વો વજ્દ્રરે, અહ્માઈ તન્વો વેરે-
થ્રેમ, અહ્માઇ ઇશ્તીમ પૌઉરૂષ ખાથ્રામ
અહ્માઇ આશ્નામચિદ ફ્રજ્ન્તીમ્,
અહ્માઇ દરેધામ દરેઘો-જીતીમ,
અહ્યાઇ વહિશ્તેમ અહુમ અષઓ-
નામ, રઓચંઘહેમ વીસ્પો ખાથ્રેમ.

[જે માણસ માથ્ર ભણેછે] "તેને
ઝલકાટ તથા ખારેહ, તેને તનની દરો-
શ્તી, તેને તનનું સુખ, તેને તનની ફતેહ,
તેને પહેલી દોલત [ અક્કલ ], તેને જાતી
અક્કલના ફરજંદ, તેને લાંબામાં લાંબી
જીંદગી, તેને અશો લોકોનું રોશન તમામ
સુખવાલું બેહેસ્ત" [ મળેછે. ]

અહ્માઈ રએસ્ચ.

## ઉત્તમ માર્ગ શોધવાની જરૂર.

**સ્રઓતા ગેઉષાઇશ વહિશ્તા અ-વએન્નાઈસૂચા મનડંહા આવરે-નાઓ વીચિથહ્યા નરેમ નરેમ ખખ્યા તનુયે પરા મજેયાઓંઘહો અહ્માઈ ને સજ્ઘાઈ બઓદન્તો પઈતી.**

[જરથોશ્ત સાહેબ કહેછેઃ—] [જેકાંઇ] ઉત્તમ છે તેને કાને સાંભળો, રોશણ વિ-ચાર શક્તિથી તે ઉપર દરીઆફ્ત કરો, અને [અહુરમજ્દના હમ શરીક થવાનાં] મોટાં કામની આગમચ દરેક જણ પોતે પોતાની પસંદગીનો માર્ગ શોધવા અમા-રીથી વાકેફ થવા હુશીયાર થાઓ!

અહુનવદ ગાથા, હા ૩૦-(૨).

દરેક માણસ સોસ્યંત છે.

**અત્ચા તોઇ વએમ ખ્યામા યોઇ ઇમ ફેરષેમ કેરેનાઉન અહૂમ.**

" જેઓ [ સોસ્યંતો ] એ આ દુનિ-યાંને નવે સરથી રચી તેઓના જેવા અમો ખચીત થઈએ.'

અહુનવંદ ગાથા, હા ૩૦ (૯).



## જરથોસ્તીઓને વાંચવા લાયક પુસ્તકો.

ગાથા–યજશ્ને.

વંદીદાદ.

ખોરદેહ અવસ્તા.

બુનદેહશ.

દીનકર્દ.

મીનો ખેરદ.

જાવેદાને ખેરદ.

સદદર.

દસાતીર.

જરથોસ્તનાં સુકનો.

દબેસ્તાન અલ મજાહેબ.

ખેશતાબ

જરેદ. અફશાર.

જીંદેહ રૂદ.

શારેસ્તાને ચેહાર ચમન.

નામે કૈખુશરો.

રાહે પારશા.

બાગે પારશા

હાદોખ્ત નુસ્ક.

યોગ વિદ્યા અને અસલી ઈરાનીઓ.

આતશની બુલંદી.

આકાશ તત્વ.

કદીમ મઝ્દયસ્ની કલામો.

મઝ્દયસ્ની ધર્મ અને ખોદાશનાસી.

Zoroastrianism in the light of Theosophy.

આતશની આરાધના.

જરથોસ્તી ધર્મ ક્રિયાઓ.

રાહે રોશન (ત્રણ વાલમો.)

હુમત હુખત હુવર્સત. (દા. ધ. જસાવાળા.)

જરથોસ્તી નામુ (ખ. રૂ. કામા.)

અવસ્તાના વિષેશ નામોની ફરહંગ (જી. જ. મોદી.)

ભવીષ્યની જીંદગી અથવા આત્માંનુ અમરપણુ.

⁂ ઉપલી ચોપડીઓ નીચલી કરતાં સમજવે મુકાબલામાં અઘવડી હોવાથી નીચલી ચોપડીઓ પેહેલે વાંચવાથી ફાયદો થશે.

# વૈરાગ.

જરથોસ્તીઓ માટે ધર્મ તથા સંસાર

સંબંધી માસીક ચોપાન્યું.